# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-12-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## શિયાળુ સત્ર અગાઉ સર્વપક્ષીય બેઠક:

આજથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર પહેલા, સરકારે ગઈકાલે સંસદ ભવનમાં સર્વપક્ષીય બેઠકનું આયોજન કર્યું હતું. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં 36 રાજકીય પક્ષોના 50 નેતાઓએ ભાગ લીધો હતો.

બેઠક બાદ, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે બેઠક રચનાત્મક વાતાવરણમાં યોજાઈ હતી. સરકારે શિયાળુ સત્ર દરમિયાન બંને ગૃહોના સુચારુ સંચાલનમાં સહયોગ માટે તમામ રાજકીય પક્ષોના નેતાઓને અપીલ કરી છે. શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે આ સત્ર દરમિયાન કાયદાકીય અને અન્ય કામકાજના 14 વિષયો પર ચર્ચા કરવામાં આવશે. શિયાળુ સત્ર આજથી શરૂ થશે અને 19 ડિસેમ્બર સુધી ચાલશે.

---------------------------------------------------------------------------------------------------

## ચુંટણીપંચે મતદારયાદી સઘન સુધારણા ઝુંબેશની સમય મર્યાદા વધારી:

દેશના ચૂંટણી પંચે ગુજરાત સહિત 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદામાં વધારી છે. જે અનુસાર ગણતરીનો તબક્કો 11 ડિસેમ્બર સુધી ચાલશે જ્યારે 16 ડિસેમ્બરે, ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. તદુપરાંત તારીખ 16.12.2025થી 07.02.2026 દરમિયાન વાંધા અરજી અને સુનાવણીની પ્રક્રિયા ચાલશે. જ્યારે 14.02.2026 ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## ભુજ વિમાની મથકે પ્રવાસીઓના આવા ગમનમાં વધારો:

કચ્છ પ્રવાસન અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ સાધી રહ્યું છે, ત્યારે વિકાસનો વ્યાપ વધતાં પરિવહનનાં માધ્યમો પણ વધી રહ્યાં છે. ભુજ વિમાની મથકેથી ફ્લાઈટ સંચાલનમાં વધારો થતાં પ્રવાસીઓનાં આવાગમનમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સત્તાવાર રીતે જારી કરાયેલા આંકડા અનુસાર ડોમેસ્ટિક મુસાફરોનાં આવાગમનમાં ભુજ હવાઈ મથક રાજ્યમાં પાંચમા ક્રમે આવ્યું છે. ઓક્ટોબર અને નવેમ્બર માસ દરમિયાન ભુજ હવાઈ મથકેથી 48,000થી વધુ પ્રવાસીએ મુસાફરી કરી છે. આ તરફ કંડલામાં પણ આ બે માસના સમયગાળામાં 10,000થી વધુ પ્રવાસીએ મુસાફરી કરી છે. નાગરિક ઉડયન મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડોમેસ્ટિક મુસાફરોના સત્તાવાર આંકડા પર નજર કરીએ, તો રાજ્યના ચાર મહાનગર અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ પછી વિમાન માર્ગે સાથી વધુ પ્રવાસીઓનું આવાગમન ભુજ વિમાની મથકેથી થયું છે.

---

## સીમા સુરક્ષાદળ 61મો સ્થાપના દિવસ:

સીમા સુરક્ષાદળ  આજે 61મો સ્થાપના દિન ઉજવે છે. 1965 ના એપ્રિલમાં કચ્છનીરણ સરહદે પાકિસ્તાની દળોની ઘૂસણખોરી પછી આ દળની રચના કરવા નિર્ણય લેવાયો હતો 1965માં આજના દિને સ્થપાયેલ આ દળ આજે 186 બટાલિયન અઢી લાખ થી વધુ જવાનો સાથે ભૂમિ તેમજ દરિયાઈ સરહદોની સુરક્ષા માટે સજ્જ છે. તાજેતરમાં આ દળના હિરક જયંતિ મહોત્સવમાં ભાગ લેવા આવેલા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે આગામી પાંચ વર્ષમાં આ દળને સક્ષમ  મજબૂત દળ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

---

## મુંદરા બંદરની સિધ્ધિ :

અદાણી મુંદરા બંદર વિશ્વ સ્તરે હવે વિશ્વ સ્તરે સિધ્ધિ પ્રાપ્ત કરી છે. દેશના આંતરરાષ્ટ્રીય વેપારમાં મુંદરા મુખ્ય બંદર તરીકે વૈશ્વિક મંચ પર મેરિટાઈમ પાવર હાઉસ તરીકે સ્થાપિત થઈ ગયું છે. મુંદરા મોડેલને 2070 સુધીમાં ભારતના નેટ-ઝીરો લક્ષ્યો સાથે સંરેખિત કરવાનું લક્ષ્ય રખાયું છે. આ વૈશ્વિક માન્યતા એપીએસઈઝેઝ મુંદરા પોર્ટની ટેકનોલોજી, ટકાઉપણું અને ગ્રાહકોને પ્રાથમિકતા આપવાના અભિગમને ઉજાગર કરે છે. ભારતના મુખ્ય ખાનગી ક્ષેત્રના બંદરોમાં મુંદરા પ્રથમ ક્રમાંકે રહ્યુ જે તેની શ્રેષ્ઠ કામગીરીનું ઉદાહરણ છે. અગાઉ પોર્ટસ, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા આયોજિત ઈન્ડિયા મેરિટાઈમ વીકમાં મુંદરા પોર્ટને પોર્ટ ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કરાયો હતો.

---

## ગીતા જયંતિ :

આજે માગસર સુદ અગિયારસ મોક્ષદા એકાદશીને ગીતા જયંતિ તરીકે પરંપરાગત રીતે ઉજવાય છે. ભગવાન શ્રી કૃષ્ણે મહાભારતમાં કુરુક્ષેત્રના યુદ્ધ મેદાન પર અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો. અઢાર અધ્યાયના સાતસો શ્લોકમાં સમગ્ર જીવનનો સાર સંદેશ વર્ણવાયો છે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર દ્વારા આજે રાજ્યના તમામ જિલ્લા મથકો ખાતે ગીતા જયંતિ નિમિતેવિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે આજે સંસ્કૃત સાહિત્ય પ્રદર્શની ગીતાજીના પાત્રો આધારિત કાર્યક્રમો યોજાશે.

આર્ષ અધ્યયન કેન્દ્ર અને અન્ય સંસ્થાઓના ઉપક્રમે આજથી એક સપ્તાહ સુધી વિવિધ પ્રવચનો નૃત્ય નાટિકા વિગેરે યોજાશે. ગઈકાલે ભુજમાં ગીતા ગ્રંથ યાત્રા યોજાઈ હતી.

---

## ક્રિકેટ:

ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને પ્રથમ એક દિવસીય મેચમાં 17 રને હરાવી ત્રણ વન ડે મેચની શ્રેણીનો વિજયી પ્રારંભ કર્યો છે. રાંચી ખાતેની પ્રથમ મેચમાં ભારતે 8 વિકેટે 349 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમનો દાવ 332 રનમાં પૂરો થાયો હતો કુલદીપ યાદવે 4 અને હર્ષિતે 3વિકેટ ઝડપી હતી. એ અગાઉ ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવર માં 8 વિકેટ ના ભોગે.349 રન કર્યા હતા વિરાટ કોહલી એ 135 કે એલ રાહુલે 60 અને રોહિત શર્મા ના 57 રન મુખ્ય હતા.

---